# જમીન અધિગ્રહણનો નવો કાયદો લવાશે : રાહુલ

## રાહુલે સોફ્ટ હિન્દુત્વનું કાર્ડ ખેલી ભાજપને બેકફૂટ પર ધકેલ્યું : પ્રચારના અંતિમ દિવસે રાહુલે મોદી-ભાજપને આડા હાથે લીધા : નોટબંધી, જીએસટીએ નાના દુકાનદારો, વેપારીને ખતમ કર્યા : રાહુલ ગાંધીનો આક્ષેપ



અમદાવાદ, તા.૩

દક્ષિણ ગુજરાતના ત્રીજા દિવસના ચૂંટણી પ્રવાસ દરમ્યાન સુરત-વલસાડમાં કોંગ્રેસના રાહુલ ગાંધીએ લોકોની દુઃખતી નસ પકડી હતી અને કોંગ્રેસ તરફથી સહાનુભૂતિનો મલમ લગાવવાનો પ્રયાસ કર્યો હતો. રાહુલ ગાંધીએ મોદી સરકાર અને ભાજપ પર ફરી એકવાર જોરદાર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, મોદી સરકારના નોટબંધી અને જીએસટીના નિર્ણયને પગલે દેશની અર્થવ્યવસ્થા તૂટી ગઇ અને નાના વેપારીઓ, દુકાનદારો, ઉદ્યોગકારો ખતમ થઇ ગયા. દેશનો જીડીપી દર બે ટકા સુધી ઘટી ગયો. દેશમાં જો સૌથી મોટો ભ્રષ્ટાચાર આચરાયો હોય તો તે ગુજરાતમાં લોકોની જમીનો પચાવી પાડવાનો ભ્રષ્ટાચાર છે. કોંગ્રેસની સરકાર આવશે તો, જમીન અધિગ્રહણ માટે નવો કાયદો અમલમાં લાવશે. પંચાયત અને ખેડૂતોને પૂછયા વિના સરકાર ખેડૂતોની જમીન લઇ શકશે નહી. ખેડૂતો અને આદિવાસીઓની

● અનુસંધાન પાન-૫ પર

## હા... સાહેબ !

'સાંભળો છો ને, સાહેબ ?'

'હા... સાંભળીએ છીએ અને જોઈએ પણ છીએ, હોં !'

'શું ?'

'તાલ...'

'તાલ ?'

'હા... તાલમેળ વગરનો તાલ અને ખેલ...'

'સમજાયું નહીં કંઈ...'

'ભલા માણસ, ચૂંટણીનાં પડઘમ વાગવા માંડ્યાં છે ત્યારે રોજ રોજ છેક દિલ્હી દરબારથી અહીં દોડી આવી... સોરી, ઊડી આવીને, ગરજી ગરજીને 'અમે સાચા... તમે ખોટા..' 'અમે જ બધું કર્યું છે... તમે કંઈ જ કર્યું નથી' ના જે ભાષણો અપાય છે તે સાંભળીએ છીએ અને પ્રજાને ભ્રમમાં રાખવાના ચાલી રહેલા ખેલ જોઈએ છીએ... સમજાયું હવે ?'

'તમેય ખરા છો સાહેબ... ચૂંટણી ટાણે બોલવું તો પડે જ ને !'

'હા... ને ગાજવું ય પડે...'

'તો પછી ! અમે કરેલાં કામોની જાણકારી પ્રજાને આપીએ તો ખરા જ ને.'

'કેમ પ્રજાને ભોટ સમજો છો ?'

'એટલે ?'

'પ્રજાને એના ભલા માટે, જાહેર હિતના કલ્યાણ અર્થે શું શું થયું છે તે કોણે કર્યું છે એ દેખાતુ નથી ? હકીકત શું છે ને વાતોનાં વડાં - કાગળના વાઘ શું છે એ ન સમજે એવી મૂર્ખ છે જનતા, એમ માનો છો તમે ?'

'એવું નહીં પણ...'

'ભલા ભાઈ, યે પબ્લિક હૈ સબ જાનતી હૈ...'

'તે જાણે જ ને. અમે એમના માટે કેટકેટલી યોજનાઓ બનાવી છે એની ખબર તો હોય જ ને !'

'યોજનાઓ બનાવી છે કે પ્રજાને બનાવી છે ? મોટી મોટી જાહેરાતોનાં હોર્ડિંગ્સ લટકાવ્યાં છે, પ્રિન્ટ મીડિયામાં પ્રેસનોટોનો મારો ચલાવ્યો છે, ઈલેક્ટ્રોનિક મીડિયામાં ચમકતી ને દમકતી પબ્લિસિટી કરી છે...'

'એમાં તમને તકલીફ શું છે ?'

'તકલીફ એટલી જ છે કે લોક કલ્યાણની યોજનાઓની જાહેરાતો થાય છે તેટલા પ્રમાણમાં એના ફાયદા લાભાર્થીઓ સુધી પહોંચવા જોઈએ તે ?'

'તમે સાહેબ, વાંક દેખા જ છો... યોજનાઓ બનાવી છે તો ધીરે ધીરે ફાયદા પણ પહોંચવાના જ જનતા સુધી...'

'ગાજર લટકાવીને જનતા જનાર્દનને ભ્રમમાં રાખવામાં તો રાજકારણીઓ માહેર હોય છે.'

'તમને તો અમે કરેલો વિકાસ દેખાતો જ નથી !'

'ક્યાંથી દેખાય ? તમને બીજી સરકારોએ, અગાઉના શાસકોએ કરેલાં પ્રજાલક્ષી કામો, વિકાસ કાર્યો દેખાય છે ? ત્યારે તો આટલાં વર્ષોમાં કોઈએ કશું કર્યું જ નથી અને બધું અમારા હાથે કરવાનું લખાયું છે એવી વાતો થાય છે...'

'અરે... પણ...'

● અનુસંધાન પાન-૫ પર

## મગફળીના બે ટેકાના ભાવે ખરીદી કરતા કેન્દ્રો પર ૧૫ હજાર ગુણીની આવક

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં મગફળીના વિક્રમી વાવેતર પછી સરકારે શરૂ કરેલા બે મગફળી કેન્દ્રો પર અત્યાર સુધીમાં ૧૫ હજાર ગુણીની આવક નોંધાઈ છે.

જિલ્લામાં માણસા અને દહેગામ ખાતે શરૂ કરાયેલા આ બે ખરીદ કેન્દ્રો પર આજ સુધીમાં ૫૩૭૨.૮૫ ક્વીન્ટલ મગફળીની આવક થઈ છે. દહેગામ અને માણસાના ખરીદ કેન્દ્રો પર આજે એક જ દિવસમાં ૯૩૭.૬૫ ક્વીન્ટલની આવક મગફળીની થઈ હતી.

મળતી વિગતો પ્રમાણે ગત વર્ષે ૧ લાખ ગુણીની ટેકાના ભાવે ખરીદી જિલ્લામાંથી થઈ હતી.

## સેક્ટર-૫ અને ૭માંથી બે ચિકનગુનિયાના કેસ મળ્યા

### બંને મહિલા દર્દી : હાલ સિવીલ હોસ્પિટલમાં સારવાર હેઠળ : શહેરમાં કુલ ૮ કેસ ચિકનગુનિયાના

ગાંધીનગર, તા.૩

શહેરમાં વાહકજન્ય રોગચાળો વકરતો જાય છે. આજે શહેરમાંથી ચિકનગુનિયાના બે કેસ મળી આવતા તંત્ર ચોંકી ઉઠયું છે. આ સિઝનમાં ચકનગુનિયાના ૮ કેસ મળી આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે મળેલા બંને કેસના દર્દી મહિલા છે. એક કેસ સે-૫ અને બીજો કેસ સે-૭માંથી મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે એક બહેન તો રાજકોટથી બે દિવસ પહેલાં જ ગાંધીનગર આવ્યા હતા અને તેમને ગઈ કાલે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે પરીવારના સભ્યો લઈ ગયા હતા જયાં પરીક્ષણ દરમિયાન તેમને ચકનગુનિયા પોઝીટીવ આવ્યો છે.

તંત્ર દ્વારા મળી આવેલા બંને દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સ કરવામાં આવ્યું છે પણ કોઈ શંકાસ્પદ કેસ તાવનો કે અન્ય રોગના મળ્યા નથી. તંત્ર દ્વારા આ દર્દીઓના રહેઠાણમાં તેમજ આસપાસના વિસ્તારમાં ફોગીંગ પણ કરવામાં આવેલ છે તેમજ એન્ટી લારવેલની કામગીરી પણ કરી દેવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં આ વખતે મેલેરિયાના કેસો ઘટતા જણાયા છે. ડેનગ્યુના કેસો છુટા છવાયા મળી રહ્યા છે. અને અત્યાર સુધીમાં ૩૯ કેસ મળેલ છે. આ ઉપરાંત ચિકનગુનિયાના કેસો મળી રહ્યા છે. તેનાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પણ ત્રણ તબક્કામાં કરાયા પછી જે કેસો વાહકજન્ય રોગચાળાના મળી રહ્યા છે જે ચિંતાજનક છે.


સ્વ. શ્રીમતી શૈલાબેન ઉર્ફે (સૂર્યાબેન) પટેલની છઠ્ઠી માસિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલિ



સ્વજન ગુમાવ્યાની વેદના શબ્દોમાં સમાતી નથી
તમે હતા તો અમને હૂંફ હતી,
તમારી હયાતી અમારું આત્મબળ હતું.
જીવન એવું જીવી ગયા કે સદ સૌ યાદ કરે.
કર્મ સદા એવા કર્યા કે સોના હૃદયમાં ગુંજ્યા કરે.
શું આપીએ પુષ્પાંજલિ, પુષ્પો ઓછા પડે છે.
કલ્પી ન શકાય એવી તમારી અણધારી વિદાય
કાળજું કંપાવી ગઇ
મન હજુ માનતું નથી કે તમે અમેરી વચ્ચે નથી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

પુણ્ય આત્માને શત્ શત્ પ્રણામ

રમેશભાઈ ભલાભાઈ પટેલ
ભાવનાબેન રમેશભાઈ પટેલ
આકાશ રમેશભાઈ પટેલ
ઉમંગ રમેશભાઈ પટેલ
હાલ - ગાંધીનગર (કુહાવાળા)



નૂતન વર્ષાભિનંદન....
ગાંધીનગર સમાચારમાં આપની જાહેરખબર અને સમાચાર આપવા સંપર્ક કરો.
મો. : ૯૯૨૫૭ ૯૯૭૦૩
જનકભાઈ બી. રાવલ - પ્રતિનિધિ

સોમનાથ મહાદેવ મંદિર યુવક મંડળ અને બ્રહ્મપુરી, બ્રહ્મસમાજના જ્ઞાતિબંધુઓ
સર્વેને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.
મુ. પો. હડોલ, તા. સતલાસણ, જી. મહેસાણા

વિશ્વનાથ દાદા આપ સૌના જીવનમાં દેવદિવાળીના પર્વથી સ્વર્ણિમ ઉજાસ પ્રસરાવે તેવી પ્રાર્થના સહ....
શાસ્ત્રી જનકભાઈ ભીખાભાઈ
જ્યોતિષ રત્નમ્
જ્યોતિષ વિશારદ
વાસ્તુ વિશારદ
હસ્તરેખા વિશારદ
ફેંગશુઈ વિશારદ
(ઓલ ઈન્ડિયા એસ્ટ્રોલોજી ફેડરેશન - મેમ્બર)
અંબિકા મંદિર, લિંભોઈ અને મુ.પો. ઉમેદપુરા
તા. ઈડર, જી. સાબરકાંઠા
મોબાઈલ નંબર
૯૯૨૫૭ ૯૯૭૦૩

નૂતન વર્ષનો પ્રત્યેક દિન આપ સૌના માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિમય બને તેવી મા-દશામાને પ્રાર્થના સહ...
નૂતન વર્ષાભિનંદન
શ્રી બુઢિયા દશા માતાજી મંદિર
ભક્તશ્રી દિવાબેન પૂંજીરામ પટેલ
ફોન : ૦૨૭૭૮-૨૩૧૪૬૫



નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન...
મા-અંબાના સર્વે ભક્તજનોને માના આશીર્વાદ મળે તેવી પ્રાર્થના
એક શુભેચ્છક

નૂતન વર્ષ સર્વ ભક્તો માટે શુભ-લાભ આપનાર નિવડે તેવી ગોગ મહારાજ માતાજીને પ્રાર્થના સહ...
નૂતન વર્ષાભિનંદન...
ભગત શામળદાસ
ઉમેદપુરા, ગોગ મહારાજ તથા માતાજી મંદિર
તાલુકો - ઈડર, જિલ્લો : સાબરકાંઠા
ફોન : ૦૨૭૭૮ - ૨૪૭૩૫૪

હડોલ વીર દુસકાબાવજી મંદિર
તથા ભેજનાર અલખધુણી મંદિરના દરેક ભાવિક ભક્તોને
નૂતન વર્ષાભિનંદન
મુ. પો. હડોલ, તા. સતલાસણ, જી. મહેસાણા

નૂતન વર્ષનો પ્રત્યેક દિન આપ સૌન જીવનમાં પ્રેમનો પરિમલ પ્રસરાવે તેવી શુભકામનાઓ
વીરમહારાજ
ચોરીવાડ ગામ પાસે, તા. વડાલી, જી. સાબરકાંઠા
સેવક : વીરાભાઈ ભગત


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com